ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં સોમવારથી શાળા-કોલેજો આરંભાશે

## દ્વીતીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ : દિવાળી વેકેશન પૂર્ણ : ૨૧ દિવસના દિવાળી વેકેશન બાદ શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓની કોલાહલ સંભળાશે

ગાંધીનગર, તા.૮

શહેરની શાળા કોલેજોમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થતા આવતીકાલથી દ્વીતીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ગત તા. ૧૯ ઓકટોબરથી દિવાળી વેકેશન શરૂ થયું હતું જયારે ૧૦ નવેમ્બરથી શૈક્ષણિક સત્ર શરૂ થતા ખાલીખમ શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી થશે. રજાઓ માણ્યા બાદ વિદ્યાર્થીઓ અભ્યાસમાં લાગી જશે.

દિવાળી પર્વની રજાઓ માણ્યા બાદ વિદ્યાર્થીઓ હવે ફરી પાછા અભ્યાસમાં લાગી જશે. ગત તા. ૧૯ ઓકટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો જયારે ૨૧ દિવસીય દિવાળી વેકેશન રવિવારે પુરું થતા સોમવારથી શાળા કોલેજોમાં દ્વિતીય શૈક્ષણિક સત્ર શરૂ થઈ જશે. નગરની તમામ શાળા કોલેજોમાં સ્ટુડન્ટસની અવરજવરના લીધે અત્યાર સુધી ખાલીખમ ભાસતા શૈક્ષણિક સંકુલોમાં ધમધમાટ જોવા મળશે. આ ઉપરાંત વેકેશનના સમયગાળા દરમિયાન મંદ ભાસતું નગરનું જનજીવન પણ શાળાઓ ખુલતા ચેતનવંતુ જોવા મળશે. દ્વીતીય શૈક્ષણિક સત્રના પ્રારંભ બાદ પ્રિલીમ પરીક્ષાઓ પણ નજીકમાં આવતી હોવાથી વિદ્યાર્થીઓ અભ્યાસકાર્યમાં લાગી જશે. દિવાળીની રજાઓ દરમિયાન ‘લેટ ધેમ પ્લે’ના અભિગમ સાથે રમવા અને ફરવાની મજા લીધા બાદ વિદ્યાર્થીઓ હવે સોમવારથી સ્કુલ બેગ લઈ શાળાએ જતા નજરે પડશે.

# ૧૦૨ દિવસના કઠીન ઉપવાસ બાદ શાંતાદેવી કોઠારી આજે પારણા કરશે

## ગાંધીનગરના શાંતાદેવીએ અગાઉ પણ ૧૧ થી ૨૧૧ ઉપવાસ કર્યા છે : ૧૮ માસક્ષમણની આરાધના પણ કરી છે

ગાંધીનગર, તા. ૮

વિમલ ટ્રેડિંગવાળા વિમલભાઈ કોઠારીના માતૃશ્રી શાંતાદેવીજી કાલુલાલજી કોઠારી ૧૦૨ દિવસના કઠીન ઉપવાસ બાદ આવતીકાલે રવિવારે પ્રેક્ષા વિશ્વભારતી ખાતે સાધ્વી શ્રી મધુસ્મિતાજી અને સમણીશ્રી મંજુ પ્રજ્ઞાજીના હસ્તે પારણા કરશે. મોક્ષ માટેના અત્યંત કઠીન એવા આ ઉપવાસના માર્ગ પર સતત ૧૦૨ દિવસ સુધી સ્વસ્થતાપૂર્વક ચાલનાર કાલુલાલજી કોઠારીએ આ અગાઉ પણ ૧૧, ૧૭, ૩૧, ૩૫, ૫૧, ૭૫, ૭૬, ૧૦૯ અને સૌથી વધુ ૨૧૧ દિવસના ઉપવાસ કર્યા છે. તેઓએ ૧૮ માસ ક્ષમણની આરાધના પણ કરી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આટલા બધા દિવસો સુધી કઠીન ઉપવાસ કર્યા બાદ પણ તેઓનું સ્વાસ્થ્ય સારૂ છે. શ્રીમતી શાંતાદેવીજી કહે છે કે તેઓ મોક્ષ અને આત્મશુદ્ધિના સંકલ્પ



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

શાંતાદેવીજીએ અગાઉ પણ આવા અનેક ઉપવાસ કરી મોક્ષપ્રાપ્તિનો માર્ગ મોકળો બનાવ્યો છે.

મોક્ષ મેળવવાના ચાર માર્ગો છે તેમાનો એક માર્ગ ઉપવાસ છે. દિવસ દરમ્યાન માત્ર ઉકાળેલુ પાણી પી દિવસો સુધી અન્નનો એક પણ દાણો મોમા નાંખ્યા વગર ઉપવાસ કરવા માટે ખુબ મજબુત મનોબળની સાથે સાથે અનન્ય ભક્તિ અને નિષ્ઠા જરૂરી છે. ગાંધીનગરના પ્રતિષ્ઠિત પરિવારના શાંતાદેવીજી કોઠારીએ આ અનોખો માર્ગ અપનાવી દિવસો નહી પરંતુ મહિનાઓ સુધી ઉપવાસ કરી અનન્ય શ્રદ્ધા અને ભક્તિનો દાખલો બેસાડ્યો છે. સેક્ટર-૨૧ સ્થિત વિમલ ટ્રેડિંગવાળા વિમલભાઈ અને ધિરજભાઈ કોઠારીના માતૃશ્રી શાંતાદિવી સાથે ઘણા દિવસો સુધી ઉપવાસ કરી શકે છે. ઉપવાસ કરવાથી તેઓ વધુ મજબુત બને છે. સાથે સાથે તેમનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પણ સારૂ રહે છે. તેમની આ કઠીન તપશ્ચર્યાના ફળ સ્વરૂપે તેઓને ગુરૂજી દ્વારા શ્રદ્ધાની પ્રતિપૂર્તિ પણ પ્રાપ્ત થઈ છે. શ્રીમતી શાંતાદેવીજીની આ તપશ્ચર્યામાં તેઓના પુત્રવધૂઓ રેખાબેન કોઠારી અને શ્વેતાબેન કોઠારી અને પરિવારના બાળકો જય, સમ્યક, સાક્ષી અને વંશિકાનો ખુબ સહયોગ રહ્યો છે. પરિવારજનો અને સ્નેહીજનોની ઉપસ્થિતિમાં શ્રીમતી શાંતાદેવીજી કાલુલાલજી કોઠારી આવતીકાલે સવારે ૧૧.૦૦ વાગે કોબા પ્રેક્ષા વિશ્વભારતી ખાતે પારણાં કરશે.

# સુપર સિંગર ઓફ ડિસ્ટ્રીકટની સ્પર્ધા જાન્યુઆરીમાં યોજાશે

## ગત વર્ષે ૮૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો : ફાઈનલમાં ૧૯ કલાકારોએ અવાજનો જાદુ પાથર્યો હતો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં આગામી જાન્યુઆરી મહીનામાં સુપર સિંગર ઓફ ડીસ્ટ્રીકટની કોમ્પિટીશન યોજવામાં આવશે. ગત વર્ષે શહેર કક્ષાએ યોજાયેલી સ્પર્ધામાં ૮૮ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો જયારે આ વખતે વધુ કલાકારો ભાગ લઈ શકે તે માટે જિલ્લા કક્ષાએ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. સ્પર્ધાને અનુલક્ષી વિવિધ વય જૂથમાં ત્રણ ઓડીશન થશે.

નગરના સ્થાનિક કલાકારોને સ્ટેજ પુરું પાડવા તેમજ સ્પર્ધાત્મક અભિગમ કેળવવાના ઉમદા આશય સાથે જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા ‘સુપર સિંગર ઓફ ડિસ્ટ્રીકટ’ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે.સી.આઈ. ના પ્રમુખ સાત્વિક ત્રિવેદીના જણાવ્યા મુજબ ગત વર્ષે શહેરના ૮૮ જેટલા કલાકારોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો જયારે આ પૈકી ૧૬ સ્પર્ધકોએ ફાઈનલમાં પરફોર્મ કર્યુ હતું. કલાકારોને પોતાના અવાજનો જાદુ પાથરવા સ્ટેજ ઉપલબ્ધ થાય તેવા આશયથી આ સ્પર્ધામાં આ વખતે શહેર ઉપરાંત જિલ્લાના કલાકારો પણ ભાગ લઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યુ છે. ઈગલ ન્યુઝ આ સ્પર્ધામાં મીડીયા પાર્ટનરની ભૂમિકામાં રહેશે. સ્પર્ધકો માટે ૭ થી ૨૦ વર્ષ, ૨૦ થી ૪૦ તેમજ ૪૦ વર્ષ ઉપર તેમ ત્રણ તબક્કામાં વય જૂથ પ્રમાણે ઓડીશનની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક સ્પર્ધકને ઈનામ આપવામાં આવશે. હાલ આ સ્પર્ધાને અનુલક્ષી ફોર્મ વિતરણ શરુ કરી દેવાયું છે. ઘ-૬ અમુલ પાર્લર, સે-૭ ચીપ ટાઈપ શોપિંગ સેન્ટરમાં સ્થિત શ્રીજી હેર આર્ટ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# વાહન ચાલકો હેરાન-પરેશાન

## પોલીસે વાહનચાલકોને રીતસરના રોવડાવ્યા : બે દિવસ માટે વાહન વિહોણા કર્યા : સ્થળ પર દંડ લેવાની જગ્યાએ પાવતી આપી જેથી શુક્રવારે ડીટેઈન કરેલુ વાહન સોમવારે મેળવવુ પડશે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૮

પાટનગરમાં પોલીસ દ્વારા ટ્રાફિક અવરનેશ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા જાગૃતિ સપ્તાહના નામે નગરજનોને પરેશાન કરવામાં આવી રહ્યા છે. પોલીસ વાહનચાલકોને સ્થળ ઉપર દંડ લેવાની જગ્યાએ કોર્ટ કચેરી અને આર.ટી.ઓ. ઓફિસે મોકલી રહી છે. તેના કારણે બે દિવસ વાહન વિહોણા ચાલકોને કરવામાં આવી રહ્યા છે.

રાજ્યભરમાં ટ્રાફિક જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. વાહનચાલકોને ટ્રાફિકના પાઠ ભણાવીને સમજાવવામાં આવી રહ્યા છે. તેમજ ફરીથી નિયમનું ઉલ્લંઘન ન કરે ઢોલનગારા વગાડીને જાગૃત કરવામાં આવી રહ્યા છે. તેવું પોલીસ જણાવી રહી છે.

પરંતુ પાટનગરની પોલીસને જાણે કે સમજાવતાજ ન આવડતુ હોય તેવું જોવા મળી રહ્યું છે. પોલીસ વિના વાકે વાહન ચાલકોને હેરાન પરેશાન કરી રહી છે તેવું નાગરિકો જણાવી રહ્યા છે. ટ્રાફિક ડ્રાઈવમાં જે વાહનચાલકોએ હેલ્મેટ ન પહેર્યુ હોય, સીટ બેલ્ટ ન બાધ્યો હોય તેમને રીતસર રઝળાવવામાં આવી રહ્યા છે.

પોલીસે શુક્રવારે જેટલા પણ વાહનચાલકોને દંડ્યા તેમનો દંડ સ્થળ પર લેવાની જગ્યાએ કોર્ટમાં અને આર.ટી.ઓ. ઓફિસ જઈને ભરી આવજો અત્યારે વાહન મુકી દો તેવું જણાવવામાં આવતુ હતુ. શુક્રવારે ડીટેઈન કરેલુ વાહન સોમવારે છોડાવવા માટે વાહનચાલકોને જવુ પડશે.

ત્યારે પોલીસે બે દિવસ માટે વાહનચાલકોને રીતસરના વાહન વિહોણા કર્યા છે. નાગરિકો જણાવી રહ્યા છે કે પોલીસ ક્યારેય નાગરિકોનો મિત્ર બની શકે નહિ. હંમેશા આગળના દાંતે કરડવા જોયતુ હોય તે લોકો ક્યારેય પણ શિક્ષકની ભૂમિકા ભજવી શકે નહિ.

# પ્રજાના પ્રતિનિધિઓના સંદર્ભપત્રોનો ઝડપી નિકાલ કરવા તાકીદ

ગાંધીનગર, તા.૮

સંસદ સભ્યો અને ધારાસભ્યો દ્વારા સંબંધિત વિભાગોને લોકપ્રશ્નો માટે કરવામાં આવેલી રજુઆતો અંગેના સંદર્ભ પત્રો લાંબા સમયથી પડતર છે તેનો સત્વરે નિકાલ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા વિભાગોના વડાઓને કડક તાકીદ કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંસદ સભ્યો અને ધારાસભ્યના વિભાગોમાં પડતર સંદર્ભ પત્રો અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. વિભાગોના વડાઓ સાથે યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પડતર સંદર્ભ પત્રો અંગેનું એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સંસદસભ્યો અને ધારાસભ્યો તેમના મત વિસ્તારને સ્પર્શતા વિકાસના કામો સહીતના સરકાર સાથે પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે રજુઆત કરતાં પત્રો પાઠવવામાં આવે છે. સંસદ સભ્યો અને ધારાસભ્યોના સંદર્ભ પત્રોનો ચોકકસ સમય મર્યાદામાં નિકાલ કરવા માટેની સમય મર્યાદા રાજય સરકાર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# હવે અડાલજમાં ગુડાની નવી આવાસ યોજના

## એલ.આઈ.જી. વર્ગના પરિવારો માટે અંદાજિત ૧૧ લાખની કીંમતના આવાસ બાંધવામાં આવશે

ગાંધીનગર, તા.૮

ગુડા દ્વારા રાયસણ અને ચિલોડા બાદ હવે અડાલજમાં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવશે. ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે અડાલજની ટી.પી. સ્કીમ નંબર-૧૦માં ૫૧.૨૨ ચો.વારના મકાનો બાંધવામાં આવશે. આવાસની અંદાજિત કિંમત રૂ. ૧૧લાખ નિયત કરવામાં આવી છે. આગામી તા. ૧૧ નવેમ્બરથી અરજદારોને ફોર્મનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં રહેતા ઓછી આવ ધરાવતા પરિવારજનો માટે ગત વર્ષે રાયસણ, ચિલોડા અને અડાલજમાં ૩૬ ચો.મી.ના આવાસોની યોજના અમલી બનાવાઈ હતી. ડ્રોના અંતે લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરી દેવાયા બાદ હાલ આ શુભ-લાભ આવાસ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. જો કે હજુ આવાસ યોજના તૈયાર થતા સમય લાગે તેમ છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ પણ બીજા તબક્કામાં એલ.આઈ.જી. વર્ગના પરિવારો માટે મધ્યમયકક્ષાના આવાસો તૈયાર કરવાનો નિર્ણય લેવાયો હતો. જે મુજબ ગુડા દ્વારા અડાલજની ટી.પી.

● અનુસંધાન પાન-૭ પર

પાલનપુર મત વિસ્તારના સૌ પ્રજાજનોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન....

જય ગુરૂ મહારાજ



મહેશભાઈ અમૃતભાઈ પટેલ
ધારાસભ્યશ્રી,
પાલનપુર વિધાનસભા

પૂર્વ મંત્રીશ્રી
અમૃતલાલ કાળીદાસ પટેલના નૂતન
વર્ષાભિનંદન



કોંગ્રેસ પાર્ટીના સૌ અગ્રણીઓ
કાર્યકર્તાઓને શુભેચ્છાઓ...
કાર્યાલય : જુના ગંજ બજાર, પાલનપુર
મો. : ૯૪૨૬૦ ૬૬૪૯૬

વેચવાની છે

રાંધેજા સાર્વજનિક હોસ્પિટલની ટાટા કંપની-૪૦૭ મોડલમાં એલ્યુમિનિયમ બોડીની એમ્બ્યુલન્સ વાન ડિઝલ ચાલુ કન્ડીશનમાં વેચવાની છે. તો મળો તા. ૧૨/૧૧/૨૦૧૪ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે

સ્થળ : રાંધેજા સાર્વજનિક હોસ્પિટલ
મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર

હરાજીની શરતો સ્થળ ઉપર જણાવવામાં આવશે. હરાજી મંજુર કરવી કે નહી તે અંગેનો અધિકાર સંસ્થાનો અબાધિત રહેશે.

સહી/-
સેક્રેટરી
શેઠ શ્રી એન.એન. સાર્વજનિક હોસ્પિટલ અને
શ્રી સંતોકબેન ગીરધરલાલ પ્રસુતિ ગૃહ

વંદે માતરમ્ ભારત માતાકી જય

બનાસકાંઠા વાસીઓને નવા વર્ષની શુભકામનાઓ સહ... સૌ સુખી રહો

સ્વચ્છ ભારત માટે સંકલ્પ કરીએ



શ્રી નરેન્દ્રભાઈ મોદી — માનનીય પ્રધાનમંત્રીશ્રી
શ્રી હરિભાઈ ચૌધરી — સાંસદ

નિવાસસ્થાન : જમાણા, તા. પાલનપુર, સંપર્ક : ૯૪૨૬૫ ૦૨૭૨૭

નવું વર્ષ આપને સુખદાયી નિવડે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

આપનો વિનમ્ર સેવક
ગિરીશભાઈ જેઠાભાઈ જગાણીયા
પૂર્વ કેમ્પસ ડાયરેક્ટર
સરકાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા



મેનેજીંગ ટ્રસ્ટી ઉમિયા વિદ્યાવિહાર તથા ટ્રસ્ટીઓ તેમજ ઉમિયા વિદ્યાવિહારના પરિવારજનો

શ્રી વિવિધલક્ષી યુવા વિકાસ ટ્રસ્ટ સંચાલિત
શ્રી ઉમિયા વિદ્યાવિહાર સંકુલ
શ્રી અવિષા શૈલેષભાઈ જોગાણી બાલમંદિર
શ્રી ઉમિયા પ્રાથમિક શાળા
(માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા)
(વિજ્ઞાન પ્રવાહ - સામાન્ય પ્રવાહ)
ડાયમંડ ઈન્ટરનેશનલ એ.સી. ડે સ્કૂલ
પાલનપુર, જિ. બનાસકાંઠા ● સંપર્ક : ૯૮૨૫૦ ૪૭૦૨૪

સ્વચ્છ ભારત બનાવી જીવદયા કરીએ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT — KisaN — ashirvad — VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS — DR.FIXIT — C. PVC, UPVC — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com